# ગાંધીનગર, અમદાવાદ અને મહેસાણામાંથી બેટરી ચોરતી ગેંગ ઝડપાઈ

### કબ્જે કરેલ મુદ્દામાલ

- વિવિધ બેટરી નંગ-૪૨ કિં.રૂ.૨૦,૧૦૦
- બોલેરો પીકઅપ ડાલુ નં. જી.જે.૨૭.એકસ.-૯૫૬૫ રૂ. ૫ લાખ
- મોબાઈલ ફોન નંગ-૨ કિં.રૂ.૨૫૦૦
- કુલ રૂ. ૫,૨૨,૬૦૦ નો મુદ્દામાલ કબ્જે કર્યો છે

### પકડાયેલા આરોપી

- ભરત ઉર્ફે સન્ની ગોપાલભાઈ શર્મા (ઉં.૨૬ હાલ રહે. જુની રેલ્વે લાઈન જવાહરનગરના છાપરા અખબાર નગર સર્કલ પાસે નવા વાડજ મુળ રહે.ખુટીયાગામ તા.રાયપુર, જી.ભીલવાડા)
- ધનરાજ મોહનભાઈ બેરવા (ઉં,૨૭, હાલ રહે.ગાયત્રી મંદિરની સામે રબારીવાસ હાથીજણ અમદાવાદ, મુળ રહે.ખુટીયાગામ, તા.રાયપુર,જી.ભીલવાડા

### વોન્ટેડ આરોપી

- ભગવાનસિંહ ઉર્ફે રાજુ સુરેશભાઈ રાજપૂત રહે.સગુણા પાર્ક વિભાગ-૨ ઓઢવ અમદાવાદ
-જગદીશ ઉર્ફે જગો
-નારાયણ તેલી

### આરોપીઓનો ગુનાહિત ઈતિહાસ

- ભરત ઉર્ફે સન્ની ગોપાલભાઈ શર્મા અગાઉ અમદાવાદ શહેર ખાતે લુંટ તેમજ ઘરફોડ ચોરીના ૨ ગુનામાં પકડાયેલ છે. જયારે આરોપી ભગવાનસિંહ રાજપુત અગાઉ ગાંધીનગર તેમજ અમદાવાદ ખાતે ચોરી અને ઘરફોડ ના કુલ-૪ ગુનામાં પકડાયેલ છે.

ગાંધીનગર, અમદાવાદ ગ્રામ્ય અને મહેસાણા જિલ્લાના વિવિધ વિસ્તારમાં આવેલા મોબાઈલ ટાવરોમાંથી ૧૮૨ બેટરીઓની ચોરી કરીને ભંગારમાં વેચી મારતા હતા. તે ઉપરાંત ગેંગના સભ્યોએ કલોલ વિસ્તારમાંથી વાહનોમાંથી ૪૨ બેટરી ચોરી કરી જીપડાલામાં વેચવા માટે જઈ રહ્યા હતા તે સમયે સઈજ જીઆઈડીસી વિસ્તારમાંથી એલસીબી-૧ પોલીસે પકડી પાડ્યા હતા. પોલીસે ૪૨ નંગ બેટરી, મોબાઈલ ફોન તેમજ જીપડાલા સહિત કુલ રૂ.૫,૨૨,૬૦૦ નો મુદ્દામાલ કબ્જે કરી આગળની તપાસ હાથ ધરી છે.

ગાંધીનગર શહેર-જિલ્લામાં મોબાઈલ ટાવરની બેટરી ચોરાઈ જવાની વ્યાપક ફરીયાદ ઉઠી હતી. જેથી એલસીબી ટીમના પીએસઆઈ વાય.વાય.ચૌહાણ કલોલ વિસ્તારમાં પેટ્રોલીંગમા હતા. તે સમયે સાથે રહેલા હેડ કોન્સ્ટેબલ લતીફખાન અને રાજવીરસિંહને બાતમી મળી હતી કે સઈજ જીઆઈડીસીમાં બે શખ્સો બોલેરો પીકઅપ ડાલા નં.જી.જે.૨૭.એકસ-૯૫૬૫ માં ચોરીની બેટરીઓ વેચવા માટે ફરી રહ્યા છે.જેથી એલસીબી પોલીસે સઈજ જીઆઈડીસી વિસ્તારમાં આવેલ સિધ્ધી એગ્રો કેમીકલ્સ કંપની નજીકથી જીપડાલા સાથે બે શખ્સોને પકડી પાડ્યા હતા. જેમાં ભરત ઉર્ફે સન્ની ગોપાલભાઈ શર્મા અને ધરનારજ બેરવા ને પકડી પાડ્યા હતા. બેટરી ચોરી અંગે પોલીસે કડક પુછતાછ કરતા ભરત ઉર્ફે સન્ની શર્માએ કબુલાત કરી હતી કે ઓઢળ સગુણા પાર્ક ખાતે રહેતો ભગવાનસિંહ ઉર્પે રાજુ સુરેશભાઈ રાજપૂત અને જગદીશ કે જગો અને નારાયણ તૈલી સહિતના સભ્યોની ટોળકી છેલ્લા કેટલાક સમયથી કાર્યરત છે. ભગવાનસિંહના પીકઅપ ડાલામાં નીકળી મહેસાણા, અમદાવાદ અને ગાંધીનગર વિસ્તારમાં મોબાઈલ ટાવરોની બેટરીઓ ચોરી ભંગારમાં વેચી દેતા હતા અને પૈસા



સરખા ભાગે વહેચી લેતા હતા. કડી, છત્રાલ, અને મણીપુર મોબાઈલ ટાવરોમાંથી ૧૮૨ બેટરી ટોળકીના સભ્યો ચોરી કરી લઈ ગયા છે. જયારે ઈસંડની સ્ટીલની ફેકટરીમાં કંમ્પાઉન્ડ વોલમાંથી લોખંડની પ્લેટો તેમજ ડીવીઆરની ચોરી કરી હતી. ભરત શર્માને આરોપી ભગવાનસિંહ અંગે પુછતા તે આજથી દશ દિવસ અગાઉ કોઈ છોકરી લઈને ભાગી ગયો છે. પૈસાની જરુર ઉભી થતા હાથીજણ ઓરડીમાંથી અને છત્રાલ બ્રિજ પાસે શાલીમાર હોટલ નજીક કોમ્પ્લેક્ષની દુકાન ખાતે ચોરીની બેટરીઓ મુકી હતી. આ બેટરીઓ જીપડાલામાં ભરી વેચાણ માટે જઈ રહ્યા હતા.

## ખૂણેખાંચરેથી

- રાજયના મુખ્ય સચિવ અનિલ મુકીમે આજે જિલ્લાના અધિકારીઓ સાથે વિડીયો કોન્ફરન્સ યોજી કોવિડના સંક્રમણની સ્થિતિ અંગે સમીક્ષા કરી હતી.
- રાજયના આરોગ્ય કમિશનર જયપ્રકાશ શિવહરેએ બપોર બાદ જિલ્લાના અધિકારીઓ સાથે વિડીયો કોન્ફરન્સ કરી સંભવિત ત્રીજી લ્હેરની તૈયારીઓ તેમજ વેક્સિનેશન અભિયાન અંગે સમીક્ષા કરી હતી.
- કેન્દ્રીય ગૃહમંત્રી અમીત શાહના પ્રવાસ કાર્યક્રમને લઈ આજે વધુ એકવાર તૈયારીઓની સમીક્ષા માટે જિલ્લા કલેક્ટરે બેઠક યોજી હતી.
- પંચાયત પરિષદની કારોબારી સમિતિની આજે મળનારી બેઠક છેલ્લી ઘડીએ રદ કરાઈ હતી.
- જિલ્લાના આયુષ વેલનેસ સેન્ટર માટે યોગા ટ્રેઈનર્સની જગ્યાઓ માટે આજે જિલ્લા પંચાયત ખાતે ઈન્ટરવ્યુ યોજાયા હતા.
- જિલ્લા કલેકટરે આજે મહેસુલી અધિકારીઓ સાથે પણ મહેસુલી કચેરીઓની કામગીરીની સમીક્ષા માટે બેઠક યોજી હતી.
- જિલ્લા કલેકટરના અધ્યક્ષપદે આજે લાંચ-રૂશ્વત વિરોધી તકેદારી સમિતિની પણ સમીક્ષા બેઠક યોજાઈ હતી.
- ૧૧મી જુલાઈએ વિશ્વ વસ્તી દિન નિમિત્તે સાસુ સંમેલનો યોજવાનું આયોજન તંત્ર દ્વારા હાથ ધરવામાં આવ્યુ છે.
- કેન્દ્રીય મંત્રીમંડળના ફેરફારોને લઈ આજે આખો દિવસ અનેક રાજકીય તર્ક-વિતર્ક સાથે ચર્ચાઓ થતી સાંભળવા મળી હતી.

## હરિની દૃષ્ટિ...

- હરિન ભટ્ટ



આમ તો બાબાના લગ્ન વહેલા છે પણ વેક્સીનનાં બે ડોઝ લીધેલી છોકરી મળી ગઈ તો વિચાર્યા વગર હા પાડી જ દીધી...!!

# બાઈક પર ગેસનો બાટલો વેચવા માટે ફરતો આરોપી ઝડપાયો

### પલ્સર બાઈક કોલવડા થી અને સે-૩૦ સર્કલ પાસેથી ગેસના બાટલાની ચોરી કરી હતી

ગાંધીનગર,તા.૭

ચોરીના પલ્સર બાઈક અને ચોરીના બાટલો વેચવા માટે જઈ રહેલા એક શખ્સને એલસીબી પોલીસે પેથાપુર ચોકડી પાસેથી પકડી પાડ્યો છે. પોલીસે બાઈક કિં.૧૫,૦૦૦ અને ગેસ બાટલો કિં.૨૦૦૦ મળી કુલ રૂ.૧૭,૦૦૦નો મુદ્દામાલ કબ્જે કરી આગળની તપાસ હાથ ધરી છે.



એલસીબી પીએસઆઈ એ.જી.એનુરકાર તેમજ ટીમના સભ્યો પેટ્રોલીંગમા હતા તે દરમિયાન કોન્સ્ટેબલ દિગ્વિજયસિંહ તેમજ ભવાનસિંહને બાતમી મળી હતી કે પેથાપુર ચોકડી નજીક એક શખ્સ નંબર વિનાના પલ્સર બાઈક પર ગેસનો બાટલો વેચવા માટે ફરી રહ્યો છે જે શંકાસ્પદ છે. જેથી પોલીસે તાત્કાલીક બાતમીવાળી જગ્યાએ પહોંચીને રીકેશ ઉર્ફે લંકેશ નટવરભાઈ દંતાણી (રહે.ચાંમુડાપુરા કોલવડા ગામ તા.જી ગાંધીનગર)ને પલ્સર બાઈક પર ગેસના બાટલા સાથે પકડી પાડ્યો હતો. પોલીસે આરોપીને ગેસના બાટલો અને બાઈક વિશે આધાર પુરાવા અંગે પુછતાછ કરતા તે યોગ્ય જવાબ આપી શક્યો ન હતો. જેથી પોલીસે ઉંડાણપૂર્વક તપાસ કરતા પલ્સર બાઈક તેણે દોઢ માસ અગાઉ કોલવડા ચાંમુડા પુરા હુડકોના મકાન આગળથી ચોરી કર્યુ હોવાનું જણાવ્યું હતું. જયારે ગેસનો બાટલો ત્રણ દિવસ અગાઉ સેકટર-૩૦ સર્કલ થી સ્મશાન તરફ જતા માર્ગની બાજુમાં નાસ્તાની બંધ લારી પડી હતી તે લારીના સામાનમાંથી આ બાટલાની ચોરી કરી હતી. આરોપી પેથાપુર ચોકડી પાસે નાસ્તાની તેમજ ચા ની લારીઓ હોવાથી બાટલો વેચવા માટે આવ્યો હતો તે સમયે પોલીસના હાથે ઝડપાઈ ગયો હતો. પોલીસે પલ્સર બાઈક અને ગેસનો બાટલો કબ્જે કરી આગળની તપાસ હાથ ધરી છે.



## યુવા બ્રહ્મ અગ્રણી દિવ્ય ત્રિવેદીએ વૃક્ષારોપણ કરી જન્મદિવસ ઉજવ્યો

ગાંધીનગરના યુવા અગ્રણી અને ZRUCCના પશ્ચિમ રેલવેના સલાહકાર સભ્ય અને જાણીતા એડવોકેટ દિવ્ય ત્રિવેદીએ તેમનો ૨૫મો જન્મ દિવસ કુડાસણ ખાતે સ્વાગત રેઈનફોરેસ્ટમાં વૃક્ષારોપણ કરી ઉજવ્યો હતો. જેમાં જાણીતા કથાકાર કનૈયાલાલ પંડ્યા તથા અખિલેશ મહારાજ, એડવોકેટ અશ્વિનભાઈ ત્રિવેદી તેમજ ભાજપ ઉમેદવાર છાયાબેન ત્રિવેદી તથા યુવા અગ્રણી અક્ષય જાની, જીગર દવે, પાર્થ શર્મા, એડવોકેટ અમિતભાઈ શાહ, એડવોકેટ રવિ પટેલ દ્વારા વૃક્ષ વાવી જન્મદિવસને યાદગાર બનાવી લીમડાના છોડની વાવણી કરી હતી.

## જમીયતપુરા જમીન મુદ્દે પિતરાઈ ભાઈએ છેતરપિંડી આચરતા ફરીયાદ

ગાંધીનગર, તા.૭

ગાંધીનગર શહેર-જિલ્લામાં જમીનના ભાવ ઉંચકાતા ભુમાફિયા સક્રિય થઈ ગયા છે. ગાંધીનગર આસપાસની જમીનને લગતા છેતરપિંડીના કેસ રોજ બરોજ વધી રહ્યા છે. ત્યારે અડાલજ ખાતે વડીલોપાર્જીત જમીનનો હિસ્સો ત્રણ દાયકા થી વધુ સમયથી વેચી દીધા બાદ ફરીવાર વેચી દેવાની ઘટના ધ્યાને આવી છે.સુત્રો દ્વારા મળતી વિગત મુજબ જમીયતપુરાના મુખીવાસ ખાતે રહેતા વડીલ પુરષોતમભાઈ છોટાભાઈ પટેલે અડાલજ પોલીસ મથકે ફરીયાદ નોંધાવી છે કે જમીયતપુરા ગામની સર્વે નં.૩૧૧ ની પોણા બે વીઘા જમીન તેમના પિતા અને કાકાના દિકરા સતિષભાઈ કાશીબાઈ પટેલના ભાગમાં આવી હતી. આ જમીન તેમના પિતા છોટાભાઈએ દસ રૂપીયાના પર લખાણ કરી પંદર હજાર રૂપીયામાં સતિષભાઈ પટેલ પાસેથી ખરીદી લીધી હતી. ત્યારબાદ આ જમીનનો કબ્જો અને ભોગવટો પરષોતમભાઈ પાસે હતો.આ જમીન નવીશરતની હોવાથી જુની શરતમાં ફેરવવા માટે વર્ષ-૨૦૦૦ માં ગાંદીનગર મામલતદારને અરજી કરીને પ્રિમિયમ ભર્યા બાદ જુની શરતનો હુકમ કરાયો હતો.જે જમીનનો રેકર્ડ તપાસતા ધ્યાને આવ્યું કે સતિષભાઈ પટેલ (રહે.ડી-૨૬ દેવીકૃપા ટેનામેન્ટ વસ્ત્રાલ) દ્વારા તેમના ભાગનો અડધો હિસ્સો કાનજીભાઈ વાસીભાઈ દેસાઈને (રહે.૫ કૃષ્ણ એપાર્ટમેન્ટ જયજગત સોસાયટી બહેરામપુરા) અમદાવાદને વર્ષ ૨૦૦૦ ના દસ્તાવેજથી વેચી દેવાયો છે. જેને અનુલક્ષી ખેડુતે વાંધા અરજી પણ આપી હતી. જયારે પિતરાઈ ભાઈએ જ છેતરપિંડી આચરતા અડાલજ પોલીસ મથકે ફરીયાદ આપતા પોલીસે ગુનો નોંધી આગળની તપાસ હાથ ધરી છે.

## મહાનગર ભાજપના મહિલા અને અનુસૂચિત જાતિના મોરચાની ટીમો જાહેર કરાઈ

ગાંધીનગર, તા. ૭

ગાંધીનગર મહાનગર ભાજપ દ્વારા સંગઠ્ઠનને મજબૂત કરવાના પ્રયાસ સાથે વિવિધ મોરચાની ટીમોની જાહેરાત કરવામાં આવી છે. પ્રદેશ પ્રમુખ સી.આર. પાટીલના માર્ગદર્શન હેઠળ રચવામાં આવેલી મોરચાની ટીમોની શહેર ભાજપ પ્રમુખ રૂચિર ભટ્ટ દ્વારા જાહેરાત કરવામાં આવી હતી. જે અંતર્ગત મહિલા મોરચા અને અનુસૂચિત જાતિ મોરચાની ટીમોની આજે જાહેરાત કરાઈ હતી.

ભાજપ શહેર મહિલા મોરચામાં પ્રમુખ પ્રિયાબેન પટેલની આગેવાની હેઠળ ૧૫ સભ્યોની ટીમની જાહેરાત કરવામાં આવી છે જ્યારે વિરેન્દ્ર જાદવની આગેવાની હેઠળ શહેર ભાજપ અનુસૂચિત જાતિના મોરચાની ૧૬ સભ્યોની ટીમની જાહેરાત કરવામા આવી છે. બંને મોરચામાં શહેરના વિવિધ વિસ્તારના અગ્રણીઓને આવરી લેવાનો પ્રયાસ કરાયો છે.

### શહેર ભાજપ મહિલા મોરચાની ટીમ

| નામ | હોદ્દો |
|---|---|
| કુ. પ્રિયાબેન નટવરભાઈ પટેલ | પ્રમુખ |
| શ્રીમતી કોમલબેન હિતેશભાઈ પટેલ | ઉપપ્રમુખ |
| શ્રીમતી ઉર્મિલાબેન પાંડે | ઉપપ્રમુખ |
| શ્રીમતી ભાર્ગવીબેન શર્મા | ઉપપ્રમુખ |
| શ્રીમતી વર્ષાબેન શુકલ | મહામંત્રી |
| શ્રીમતી હર્ષાબા જીલુભા ધાંધલ | મહામંત્રી |
| શ્રીમતી કાજલબેન પટણી | મંત્રી |
| શ્રીમતી ભારતીબેન વાઘેલા | મંત્રી |
| શ્રીમતી દર્શનાબેન ઠાકર | મંત્રી |
| શ્રીમતી ગીતાબા અશોકસિંહ વાઘેલા | મંત્રી |
| શ્રીમતી સેજલબેન રીતેશભાઈ નાયક | મંત્રી |
| શ્રીમતી ભાવનાબેન ઈન્દ્રવદનભાઈ શાહ | કોષાધ્યક્ષ |
| કુ. મલ્લિકાબેન રસિકભાઈ પ્રજાપતિ | કાર્યાલય મંત્રી |
| શ્રીમતી ઉર્વશીબા ઝાલા | કો-ઓર્ડિનેટર |
| શ્રીમતી જયશ્રીબેન રવજીભાઈ પટેલ | આઈટી એસએમ |

### શહેર ભાજપ અનુસૂચિત જાતિ મોરચાની ટીમ

| | |
|---|---|
| વિરેન્દ્ર ધીરજલાલ જાદવ | પ્રમુખ |
| રમેશભાઈ પરમાર | ઉપપ્રમુખ |
| જયંતિભાઈ સદાભાઈ ડાભી | ઉપપ્રમુખ |
| રસિકભાઈ જે. પરમાર | ઉપપ્રમુખ |
| શ્રીમતિ ધર્મિષ્ઠાબેન ચૌહાણ | ઉપપ્રમુખ |
| વસંતભાઈ રાઠોડ | મહામંત્રી |
| નયનકુમાર શાહ (ચૌહાણ) | મહામંત્રી |
| રજનીકાંતભાઈ ચૌહાણ | મંત્રી |
| કુ. વૈશાલીબેન પી. વાઘેલા(એડવોકેટ) | મંત્રી |
| કિશોરભાઈ પરમાર | મંત્રી |
| સુનિલભાઈ મંગળભાઈ રાઠોડ(એડવોકેટ) | મંત્રી |
| અભિનવ એમ. વાઘેલા | મંત્રી |
| જશવંતભાઈ શનાભાઈ પરમાર (એડવોકેટ) | કોષાધ્યક્ષ |
| અરવિંદકુમાર જયંતીલાલ શ્રીમાળી | કાર્યાલય મંત્રી |
| કાંતિભાઈ પટેલ (એડવોકેટ) | કો-ઓર્ડિનેટર |
| ખેંગારભાઈ ચેલાભાઈ રાઠોડ | આઈ.ટી. એસએમ. |




ટ્રાફિકના નિયમોની જાણકારી અને જાગૃતતા માટે ટ્રાફિક પોલીસ દ્વારા વિવિધ જાગૃતિ કાર્યક્રમો યોજવામાં આવી રહ્યા છે. શહેરના વિવિધ વિસ્તારો તેમજ ટ્રાફિક જંકશનો ઉપર મસમોટા સાઈન બોર્ડ લગાવી ટ્રાફિક અંગેની જાગૃતિ ફેલાવવામાં આવી રહી છે. આ ઉપરાંત રિક્ષાચાલકોને ટ્રાફિકના નિયમો લખેલ વિશેષ પેન, પાઉચ, કેપ અને માસ્કનું વિતરણ કરવામાં આવ્યું હતું.

## શારીરિક શિક્ષણ મહાવિદ્યાલય સાદરા દ્વારા વૃક્ષારોપણ

ગાંધીનગર, તા. ૭

ગૂજરાત વિદ્યાપીઠ સંચાલિત શારીરિક શિક્ષણ વિભાગ, સાદરાની રાષ્ટ્રીય સેવા યોજન એકમ દ્વારા સાદરા પરિસરમાં વૃક્ષરોપણની સરસ કામગીરી ડીન જગદીશચંદ્ર સાવલિયાના નેતૃત્વ હેઠણ કરવામાં આવી હતી, જેમાં વિભાગના બધા જ સેવકો વિવિધ પ્રકારના રોપા જેવા કે ઓષધીય રોપા અર્દીસો, ગળો, તુલસી, અશ્વગંધા, લીમડો. આમળા, લીંબુ અને અન્ય પ્રકારના રોપા જેવા કે નીલગીરી, જાંબુ, મધુમાલતી, એલામેંડા, કોર્નોકાર્પાસ, ગુલાબ, ચમેલી, ચંપા, રાતરાણી, મોગરો, સીતાફળી, જાસુદ, ફાલસા અને બારમાસીના વૃક્ષારોપણની કામગીરી કરવામાં આવી હતી. વિશેષમાં શારીરિક શિક્ષણ અને રમત વિજ્ઞાન વિધાશાખા, ગુજરાત વિદ્યાપીઠ સાદરાના આ પરિસરને ભારત સરકારના વન અને પર્યાવરણ મંત્રાલયની નોડલ એજન્સી ગીર ફાઉન્ડેશન દ્વારા ઈકો ફ્રેન્ડલી કેમ્પસ તરીકે પુરસ્કાર પણ આપવામાં આવ્યું છે અને આ પરિસરને ગાંધી સૃષ્ટિ પરિસર તરીકે પણ ઓળખવામાં આવે છે આ માહિતી રાષ્ટ્રીય સેવા યોજના એકમના પ્રોગ્રામ ઓફિસર ડૉ. નીરજ સિલાવટ દ્વારા આપવામાં આવી છે.




## ગાંધીનગર ખાતે આદિવાસી સમાજની મહત્વની બેઠક

ગાંધીનગરમાં સેક્ટર-૨૦ સર્કીટહાઉસ ખાતે સવારે ૧૦ કલાકે આદિવાસી ધારાસભ્ય છોટુભાઈ વસાવા અને મહેશ વસાવાની આગેવાનીમાં બેઠક યોજાઈ હતી. આ બેઠકમાં દરેક જિલ્લામાંથી આદિવાસી નેતાઓ અને આગેવાનો ઉપસ્થિત રહ્યા હતા. પાટીદાર અને ઠાકોર સમાજ બાદ હવે આદિવાસી સમાજે પણ સમાજના મુખ્યમંત્રી હોવો જોઈએ તેવી માંગ કરી છે.

## ગાંધીનગરમાં આયોજનબદ્ધ રીતે વિકસાવાયેલું જંગલ એટલે 'ઓક્સિજન પોન્ડ' વિકસાવાયું

### પીડીપીયુ પાસેની ગાંધીનગર ઇન્સ્ટિટ્યૂટ ઓફ ડિઝાસ્ટર મેનેજમેન્ટ દ્વારા ૧૨હજાર ચો.મી.માં ત્રણ હજાર વૃક્ષો ઉછેરી જંગલ વિકસાવાયું : અનેક પ્રજાતિના પક્ષીઓનો કાયમી વસવાટ બન્યું

શહેરમાં એક તરફ વિકાસની આંધળી દોટમાં વૃક્ષોની કત્લેઆમ થતી હોવાની ફરિયાદો છાશવારે ઉઠતી રહે છે અને બીજી તરફ કોરોના મહામારીના કપરા કાળમાં



સર્જાયેલી ઓક્સિજનની અછતે પર્યાવરણના જતનનું મહત્ત્વ સુપેરે ઉજાગર કર્યુ છે. જોકે ગાંધીનગરમાં એક સંસ્થા એવી પણ છે કે જેના દ્વારા 'ઓક્સિજન પોન્ડ' નામનું જંગલ વિકસાવી દેવામાં આવ્યું છે. પીડીપીયુ પાસેની ગાંધીનગર ઈન્સ્ટિટ્યૂટ ઓફ ડિઝાસ્ટર મૅનેજમેન્ટ દ્વારા આશરે ૧૨હજાર ચોરસ મીટર વિસ્તારમાં વિવિધ પ્રકારના ત્રણ હજાર જેટલાં વૃક્ષો વાવવામાં આવ્યાં છે.

એક સમયે સમગ્ર એશિયામાં ગ્રીનેસ્ટ કેપીટલ હોવાનો દરજ્જો ધરાવતા ગાંધીનગર એ પોતાના આ હરિયાળા શહેરની ઓળખ ગુમાવી દીધી છે જેના કારણે શહેરના પર્યાવરણ પ્રેમીઓ અત્યંત ચિંતિત છે. જોકે આ પર્યાવરણ પ્રેમીઓ માટે આનંદના સમાચાર એ છે કે શહેરના ન્યુ ગાંધીનગર વિસ્તારમાં પીડીપીયુ યુનિવર્સિટી પાસે આવેલી ગાંધીનગર ઈન્સ્ટિટ્યૂટ ઓફ ડિઝાસ્ટર મેનેજમેન્ટ ખાતે ડાયરેક્ટર જનરલ પી.કે.તનેજાની પ્રેરણાથી અને ડાયરેક્ટર ડો. સંજય જોશીના માર્ગદર્શન હેઠળ સંસ્થાના કેમ્પસમાં કર્મચારી જયસિંહ ચૌહાણ તથા અન્ય સ્ટાફની મહેનતથીલગભગ ૧૨ હજાર ચોરસ મીટર ક્ષેત્રફળ ધરાવતા ખાલી પડી રહેલા પ્લોટમાં લાંબુ આયુષ્ય ધરાવતા ત્રણેક હજાર જેટલાં વૃક્ષોનું વાવેતર કરીને ×ઓક્સિજન પોન્ડ× નામનું જંગલ વિકસાવવા પ્રયાસ કરવામાં આવ્યો હતો જેના વૃક્ષો આજે વિકસીને વટવૃક્ષ બની જંગલનો આકાર લઈ ચુક્યા છે. ઓક્સીજન અંદાજે વિવિધ ૧૧ પ્રકારનાં વૃક્ષો ડ્રીપ ઈરીગેશન પધ્ધતિથી ઉછેરવામાં આવ્યાં છે જેમાં વડ, લીમડો, ગરમાળો, સરગવો, પીપળા, આસોપાલવ, આમળા તથા કેટલાક ઔષધીય વૃક્ષો ઉગાડવામાં આવ્યા છે. જે તે સમયે વૃક્ષોની પસંદગી માટે વન વિભાગના અધિકારીઓની પણ મદદ લેવામાં આવી હતી.આજે આ ઑક્સિજન પોન્ડ જંગલમાં લ વિવિધ પ્રકારના પક્ષીઓનીપ્રજાતિનો કાયમી વસવાટ થતાં તેમનો કલરવ આ જંગલને ખુબ જ આહલાદક બનાવી રહ્યો છે.